# અડાલજમાં રાજ્યના સહકારી ક્ષેત્રનું મહા સંમેલન

અમદાવાદ, તા.૨૭

ગુજરાત રાજ્ય સરકારી સંઘ, અમદાવાદ દ્વારા તા. ૩૦મી જુલાઈના રોજ યોજાનારા ગુજરાત કો. ઓપરેટીવ કોંગ્રેસના મહાસંમેલનનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કરશે. આ સહકારી મહાસંમેલનમાં રાજ્યભરમાંથી કૃષિ સહકારી મંડળીઓ, ડેરી ક્ષેત્રની સહકારી મંડળીઓ, નાગરિક સહકારી બેન્કો અને ક્રેડીટ સોસાયટીઓના આશરે ત્રણ હજાર જેટલા પ્રતિનિધિઓ ભાગ લેશે. આ મહાસંમેલન ૩૦મીએ મંગળવારે સવારે ૧૦:૦૦ વાગ્યે દાદા ભગવાન ત્રિમંદિર અડાલજ ખાતે યોજાશે જેની અધ્યક્ષતા ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રમુખ ઘનશ્યામ અમીન કરશે. આ સંમેલન અંગે વિગતો આપતા ઘનશ્યામ અમીને જણાવ્યું હતું કે થોડા દિવસ અગાઉ તા. ૨૨મી જૂલાઈના રોજ નાબાર્ડ આદેશ બહાર પાડીને તમામ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્કોને જણાવેલ છે કે, હવેથી પ્રાથમિક સહકારી મંડળીઓ ધિરાણ કરે છે તે ધિરાણ પ્રવૃત્તિ બંધ કરીને આ ધિરાણનું કામ જિલ્લા સહકારી બેન્કો સંભાળશે અને જિલ્લા બેન્કો ખેડૂતોને સીધુ ધિરાણ કરશે. હવેથી સેવા સહકારી મંડળીઓ થાપણ સ્વીકારશે નહીં અને જે વર્તમાન ધિરાણ, થાપણ, એસેટ અને લાયાબીટી હોય તે ડિસ્ટ્રીક્ટ બેન્કને ટ્રાન્સફર કરશે. સેવા સહકારી મંડળી બીજી અન્ય પરચુરણ પ્રવૃત્તિ કરી શકશે. આ ખુબ મોટો નીતિ વિષયક પ્રશ્ન સહકારી પ્રવૃત્તિ ઉપર ઘા છે. ૧૦૯ વર્ષથી ચાલી આવતી સહકારી પ્રવૃત્તિની વ્યવસ્થાને તોડી પાડવાનો બીનજરૂરી પરિવર્તનકારી પ્રયાસ લાગી રહ્યો છે, જેની ચર્ચા આ સહકારી મહાસંમેલનમાં ચર્ચવામાં આવશે. આ પ્રકારના ઘણાં બધા પ્રશ્નોની ચર્ચા સંમેલનમાં કરવામાં આવશે અને તેનાં સાર રૂપ એક નીતિ નક્કી કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કક્ષાએ દર ત્રણ વર્ષે કો-ઓપરેટીવ કોંગ્રેસ યોજવામાં આવે છે. જેમાં નેશનલ લેવલની, દરેક રાજ્યના સ્ટેટ લેવલના અને જિલ્લા લેવની સહકારી સંસ્થાઓના આગેવાન સહકારી કાર્યકરો લગભગ ત્રણથી ચાર હજાર પ્રતિનિધિઓ હાજર રહી સમગ્ર દેશના સહકારી પ્રવૃત્તિને સ્પર્શતા પ્રશ્નો અને સિદ્ધિઓ અંગે ચર્ચા થાય છે. જે વડાપ્રધાન રાષ્ટ્રપતિ, સહકાર મંત્રી તથા સહકાર સચિવની હાજરીમાં મળે છે. પ્રથમ સેશનમાં ઉદ્‌ઘાટન વિધી અને ત્યાર પછી બીજા સેશનમાં સેક્ટરવાઈઝ એક્ષપર્ટ દ્વારા તથા સહકારી આગેવાનો ચર્ચા વિચારણા કરે છે અને પછી તેનો રિપોર્ટ તૈયાર કરી નેશનલ કો-ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડિયાને મોકલી આપવામાં આવે છે. જે રીપોર્ટ કેન્દ્ર સરકારના જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે અને નતેનો ફોલોઅપ થાય છે આ તેનો ઉદેશ્ય છે. આ પ્રમાણે ગુજરાતમાં પણ ગુજરાત કો-ઓપરેટીવ કોંગ્રેસ ત્રણ વર્ષે મળે છે. તે મુજબ અડાલજ મુકામે ગુજરાત સહકારી મહાસંમેલન-૨૦૧૩ યોજાનાર છે. જેમાં પ્રાથમિક, તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાની સહકારી સંસ્થાઓના આશરે ત્રણ હજાર જેટલા પ્રતિનિધિઓ ભાગ લેશે. જેમાં રાજ્ય બહારના સહકારી આગેવાનો પણ ઉપસ્થિત રહેનાર છે. ઉદ્‌ઘાટન વિધી કાર્યક્રમ બાદ ત્રણ બીઝનેશ સેશન બનાવવામાં આવ્યા છે. પ્રથમ સેશન એગ્રીકલ્ચર ક્રેડીટ સેકટરમાં કૃષિ સેવા સહકારી મંડળીઓ, જિલ્લા સહકારી બેન્કો અને સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કના પ્રતિનિધીઓ ભાગ લેશે. ત્યાર પછી અર્બન કો-ઓપરેટીવ ક્રેડીટ સેક્ટરમાં ક્રેડીટ સોસાયટી, નાગરીક સહકારી બેન્કો અને અર્બન બેન્કસ ફેડરેશનના પ્રતિનિધિઓ ભાગ લેશે. આરબીઆઈને લગતા તથા કેન્દ્ર સરકારને લગતા જે પ્રશ્નો હશે તેની પણ રજુઆત કરવામાં આવશે. ત્યાર પછી તે અંગેનું સમાપન સેશનના અધ્યક્ષ કરસે અને તેનો અહેવાલ રાજ્ય સહકારી સંઘને મોકલી આપશે. દિવસના અંતે ત્રણેય સેક્ટરો મારફતે જે પ્રશઅનો તૈયાર થસે તે પ્રશ્નો, રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, સમક્ષ સહકારી આગેવાનો દ્વારા વારંવાર રજુઆત કરી તેને પરિપૂર્ણ કરવા માટે કોશિષો ચાલું રહેશે અને તેનાથી ત્રણેય સેક્ટરોનો વિકાસ થશે. અનેઆમ ગુજરાતની સહકારી પ્રવૃત્તિના વિકાસમાં જે અંતરાયો, પ્રશ્નો, મુંઝવણો હશે તેની સમજ એક્સપર્ટ મારફતે આપી રાજ્યની સહકારી પ્રવૃત્તિને સંગઠિત કરવાનો રાજ્ય સહકારી સંઘનો ઉદેશ્ય છે.

# વાલીયામાંથી વાલ્મીકી વર્તમાન યુગમાં...

## ચંબલના ડાકુમાંથી સમાજ સેવાના માર્ગે ચાલનાર બી.કે. પંચમસિંહની અનોખી કથા

ગાંધીનગર, તા.૨૭

ચાલીસ વર્ષ પહેલા ચંબલની ઘાટીના ખુંખાર ડાકુ પંચમસિંહે લોકનાયક જય પ્રકાશ નારાયણના સંપર્કમાં આવ્યા અને આત્મસમર્પણ કર્યું ત્યારબાદ ભટકી ગયેલાઓને માર્ગદર્શન આપવાના કાર્યમાં બાકીનું જીવન વિતાવી જ દીધું. ચિલોડા-સાદરા ખાતે તાજેતરમાં યોજાયેલા તેમના પ્રવચને અનેક લોકોને સુધારાનો માર્ગ બતાવ્યો હતો.




ચિલોડા, સાદરા અને ડભોડા ખાતે યોજાયેલા બી.કે. પંચમસિંહના કાર્યક્રમમાં તેઓએ પોતાની જીવનકથની કહી હતી અને તેમણે જણાવ્યું હતું કે તેમનો જન્મ મધ્યપ્રદેશના એક ગામમાં ગર્ભ શ્રીમંત પરિવારમાં થયો હતો. કેટલાક શખ્સોએ રાજકીય આગેવાનોનું પીઠબળ મેળવી તેમને ખુબ માર મારતા અને તેમની જમીન પચાવી પાડતા તેઓ ચંબલના ડાકુ સરદાર મોહનસિંહના શરણે ગયા હતા અને બદલો લીધો હતો. સરદાર મોહનસિંહના અવસાન બાદ તેઓ ડાકુ ટોળકીના આગેવાન બની મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને છેક રાજસ્થાન સુધી પોતાનું સામ્રાજય અને ભય ફેલાવ્યો હતો. ડકૈતી અને લૂંટમાં પણ કેટલાક નિયમો પાળનાર પંચમસિંહે એ વખતે પણ કેટલાક સેવા કાયો કર્યા હતા. સરકારે તે વખતે ડાકુ પંચમસિંહ પર એક કરોડનું ઈનામ રાખ્યું હતું. આવા સમયે લોકનાયક જયપ્રકાશ નારાયણે તેમની પાસે જઈ આત્મ સમર્પણ માટે સમજાવ્યા હતા. આત્મ સમર્પણ બાદ જેલમાં તેઓ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના રાજયોગી પ્રશિક્ષિકા બહેનોના સંપર્કમાં આવ્યા હતા. જેલમાંથી મુકત થયા બાદ ડાકુ પંચમસિંહે બી.કે. પંચમસિંહ બનીને પોતાનું જીવન સેવાર્થે અર્પણ કરી દીધું હતું. તેઓ જુદા જુદા સ્થળોએ જઈ પોતાની જીવન કથની કહી લોકોને સંતમાર્ગે વાળવાનો પ્રયાસ કરે છે. ચિલોડા, સાદરા અને ડભોડા ખાતે યોજાયેલા તેમના કાર્યક્રમમાં પી.આઈ. એલ.બી. મોણપરા, પીએસઆઈ એસ.આર. પટેલ, પી.જે. પંડયા તથા પોલીસકર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સંચાલિકા તારાબેન અને નટુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# દહેગામ જીઈબી નજીક સોસાયટીમાં ૬૬ કે.વી. લાઈનમાંથી શોર્ટ શર્કીટનો ભય

(તસવીર : નિખીલ પંડ્યા, દહેગામ)







દહેગામ, તા. ૨૭

દહેગામ શહેરમાં આવેલ અનુરાધા સોસાયટી વિભાગ-૧ના મકાનોના ધાબા નજીકથી પસાર થતી ૬૬ કે.વી. હેવી લાઈનમાં કાગડો શોર્ટ થતાં સોસાયટીમાં આવેલ મકાનોમાં વીજળી ઉપકરણોમાં ભારે નુકશાન થયું છે. શોર્ટ સર્કીટના કારણે આશરે ૧૦ થી ૧૨ મકાનોમાં ટી.વી. ફ્રિજ, પંખા, ટ્યુબલાઈટ જેવા ઈલેક્ટ્રીક ઉપકરણો બળી ભષ્મ થઈ ગયાં છે. કેટલાક મકાનોના વાઈરીંગ પણ બળી ગયા હોવાનું જાણવા મળેલ છે. આ અંગે સોસાયટીના રહિશો દ્વારા અવાર-નવાર જી.ઈ.બી.માં આ લાઈન ખસેડવા માટે રજુઆતો કરવા છતાં કોઈ ચોક્કસ પગલા ભરવામાં ન આવતાં આવુ નુકશાન રહિશોને વારંવાર ભોગવું પડતું હોય છે. અગાઉ એક મહિના પહેલા પણ આજ લાઈનમાં આવો ફોલ્ટ સર્જાતા ભારે નુકશાન થયું હતું. જી.ઈ.બી.ના અધિકારીઓ શું જાનહાની થવાની રાહ જોઈ રહ્યા છે. તેવું સોસાયટીના રહિશોમાં ચર્ચાઈ રહ્યું છે.

# દરિયાની વધતી સપાટીને કારણે વિસ્થાપિત થનારા લોકોની સંખ્યા ૨૦૫૦ સુધીમાં ૧ અબજના સ્તરે પહોંચશે

ગાંધીનગર, તા. ૨૭

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરને કારણે દરિયાની સપાટીમાં જે વધારો થઈ રહ્યો છે તેના પરિણામે વિસ્થાપિત થનારા લોકોની સંખ્યા ૨૦૫૦ સુધીમાં ૧ અબજના સ્તરે પહોંચે એવી ધારણા છે. આવા સંજોગોમાં ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરને ઓછી કરવા માટે મેનગ્રુવનું સંરક્ષણ એ એક સારો વિકલ્પ છે.

આવી જ રીતે મેનગ્રુનના જતનની પ્રક્રિયામાં સ્થાનિક લોકોને ભાગીદાર બનાવવાથી સારા પરિણામ મેળવી શકાય છે અને આવી ભાગીદારી સુનિશ્ચિત કરીને ગુજરાતે મેનગ્રુવના વિસ્તારમાં વધારો કરવામાં સફળતા મેળવી છે. ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલા ભારતમાં મેનગ્રુવના સંરક્ષણ અંગેના બે દિવસીય વર્કશોના આજના અંતિમ દિવસે આ વર્કશોપ દરમિયાન યોજાયેલી ચર્ચામાં ભાગ લેનારા નિષ્ણાતોએ મેનગ્રુવના વધુ સારા જતન માટે જરૂરી સંશોધનની જરૂરિયાતો ઉપર પ્રકાશ પાડ્યો હતો.

આ વર્કશોપને સંબોધતા બાંગ્લાદેશના હાઈ કમિશ્નર શ્રી તારીક એ. કરીમે જણાવ્યું હતું કે પર્યાવરણમાં આવી રહેલા પરિવર્તનને કારણે લોકોને પોતાનો વિસ્તાર છોડવો પડે છે એ હવે ચિંતાનો એક મોટો વિષય બની ગયો છે. બાંગ્લાદેશના દરિયાકાંઠો વસતા લોકો હવે અન્ય વિસ્તારોમાં ખાસ કરીને શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે, જેના પરિણામે શહેરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરનું ભારણ વધી રહ્યું છે અને કેટલીક સામાજિક સમસ્યાઓ પણ ઉભી થઈ રહી છે. એક વૈજ્ઞાનિક અંદાજ મુજબ દરિયાની સપાટીમાં થનારા એક મીટરના સંભવિત વધારાને પગલે બાંગ્લાદેશની કુલ વસતીના ૧૮ ટકા લોકો એટલે કે આશરે ૨ કરોડ લોકોને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવું પડશે. વૈશ્વિક સ્તરે ૨૦૫૦ સુધીમાં આ પ્રકારના વિસ્થાપિતોની સંખ્યા ૧ અબજે પહોંચે એવી ધારણા છે. અગાઉ મેનગ્રુવના સંરક્ષણમાં સ્થાનિક સમુદાયની ભાગીદારી પરની ચર્ચામાં બોલતાં જીઈસીના સભ્ય સચિવ ડૉ. એ.કે. વર્મા (આઈએફએસ)એ જણાવ્યું હતું કે મેનગ્રુવનું વધુ સારૂ જતન થઈ શકે તે માટે લોકોમાં અને ખાસ કરીને દરિયાકાંઠે રહેતી જનતા, અન્ય હિતધારકો તથા નીતિના ઘડવૈયાઓમાં આ અંગેની જાણકારી પ્રસરે તથા મેનગ્રુવ અંગે સંવેદનશીલતા ઉભી થાય તે અત્યંત જરૂરી છે. મેનગ્રુવના કારણે થતાં પ્રત્યક્ષ લાભ સ્થાનિક સમુદાયને મેનગ્રુવના જતન અંગે આકર્ષિત કરવા પૂરતા ન હોવાથી મેનગ્રુના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવી જરૂરી બની જાય છે.

આ ઉપરાંત મેનગ્રુવના જતન માટેનું કૌશલ્ય વિકસાવવું અને તે માટે તાલીમ આપવી એ પણ એટલું જ મહત્વનું છે. મેનગ્રુવના જતનની પ્રક્રિયામાં ગુજરાતે જે સારા પરિણામ મેળવ્યા છે તે લોકોની ભાગીદારી વગર શક્ય ન બન્યા હોત.

## શબ્દાવલી - ૫૧૩૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | ■ | ૭ | |
| ૮ | ૯ | | ૧૦ | ■ | ૧૧ | | |
| ■ | ૧૨ | | | ■ | ■ | | |
| ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ■ |
| ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | | | ■ |
| | ■ | ૨૧ | | | | ■ | ૨૨ |
| ૨૩ | | | ■ | | ■ | ૨૪ | |

### આડી ચાવી

૧. વૃક્ષ, ઝાડ (૪)
૩. પહેરેગીર, પગી (૩)
૬. જનની (૧)
૭. કુટેવ, ખરાબ આદત (૨)
૮. રઘવા, ઉતાવળમાં થતી ગભરામણ (૪)
૧૧. 'કુંભાર' શબ્દ આડો અવળો (૩)
૧૨. માખણ (૩)
૧૩. ... ચિઠ્ઠી, જાસો આપવો (૨)
૧૪. નાના ભુલકાઓ... થી રમે (૪)
૧૮. પથરો, પત્થર (૩)
૨૦. હિમાલય (૩)
૨૧. મહેમાનની સરભરા કરનાર (૪)
૨૩. ટંટો, ફિસાદ (૩)
૨૪. વહેમ (૨)

### ઊભી ચાવી

૧. ચોર, ચોરી કરનાર વ્યક્તિ (૩)
૨. શ્રીરામે ૧૪ વર્ષનો ... ભોગવ્યો હતો (૪)
૪. વજનમાં હળવું, તુચ્છ (૩)
૫. વર્તુણુંક (૪)
૯. પુષ્કળ અવરજવર, તોફાન (૪)
૧૦. ટપારવું, ... કરવી (૩)
૧૩. જાપાનનું રહેવાસી (૪)
૧૫. મેમાન, પરોણો (૪)
૧૬. બારણાની ફ્રેમ (૩)
૧૭. ડાળીઓ, ડાળખીઓ (૨)
૧૯. ઉખાણુ (૩)
૨૨. બોર્ડ ઉપર લખવા માટે ... જોઈએ (૨)

### શબ્દાવલી ૫૧૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) જનમ (૩) સભાનતા (૬) નરગીસ (૭) તપસ્વી (૯) તપ (૧૧) નક્ષત્ર (૧૩) નતમસ્તક (૧૫) વખ (૧૭) કમર (૧૯) રામ (૨૦) વાચા (૨૧) શણગાર (૨૨) બ્રુસલી

**ઊભી ચાવી :-** (૧) જગત (૨) મનસ્વી (૩) સગીર (૪) ભાસ (૫) તામ્રપત્ર (૮) પસ્તી (૯) તક્ષક (૧૦) જાતક (૧૧) નસ્તર (૧૨) નવરાશ (૧૪) મમત્વ (૧૬) ખમણ (૧૮) પાંચાલી (૨૦) વાસ

# પાંચ લાખ યુવાનોને ભાજપમાં જોડવા પાંચ ઓગષ્ટથી સદસ્યતા અભિયાન

## ગાંધીનગર ખાતે પ્રદેશ યુવા મોરચાની પ્રથમ કારાબોરીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલ અને શ્રી હિરેનભાઈ હિરપરાએ જણાવ્યું છે કે ભારતીય જનતા યુવા મોરચાની પ્રથમ પ્રદેશ કારોબારી યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં ગાંધીનગર મુકામે મળેલી બેઠકનો પ્રારંભ પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ અને પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી તથા એ દીપ પ્રાગટ્ય કરી કરાવ્યો હતો. શ્રી પટેલે અને હિરપરાએ જણાવ્યું હતું કે કારોબારીના પ્રારંભમાં યુવાનોને સંબોધતા શ્રી આર.સી. ફળદુએ કમર કસી ખભે ખભો મીલાવી રાજ્યની લોકસભાની તમામ બેઠકો પર ભાજપને વિજયી બનાવવા કામે લાગી જવાની હાંકલ કરી હતી.

ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અમિતભાઈ શાહે યુવા મોરચાના કાર્યકર્તાઓને પાર્ટીની વિચારધારા, 'એકાત્મ માનવવાદ' અને સાંસ્કૃતિક ધરોહર એ આપણું પ્રેરક બળ છે તેમ જણાવી કોંગ્રેસને આડે હાથ લેતા દિશાવિહીન, વિચારવિહીન કેન્દ્રની ભ્રષ્ટ સરકારને ઘર ભેગી કરવા યુવાનોને આહ્‌વાન કર્યું હતું. પ્રદેશ મહામંત્રી તથા યુવા મોરચાના પ્રભારી શ્રી શંકરભાઈ ચૌધરીએ યુવાઓને સંગઠનાત્મક માર્ગદર્શન આપી આગામી લોકસભા ચૂંટણીમાં યુવા મોરચાને જુસ્સાથી કામે લાગી જવા જણાવ્યું હતું. યુવાનોને સોશિયલ મીડીયાના માધ્યમથી સરકારના પ્રજાહિતના કાર્યોને જન-જન સુધી પહોંચાડીને ભાજપના સુશાસનથી અવગત કરાવવા અંગે પ્રદેશ ઉપપ્રમુખ શ્રી આઈ.કે. જાડેજાએ માર્ગદર્શન આપ્યું હતું. શ્રી પટેલે અને હિરપરાએ આજની કારોબારીમાં લેવાયેલ નિર્ણયોની માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી ૫ ઓગષ્ટથી "Join BJYM Join NaMO" ના નારા સાથે ભાજપ યુવા મોરચો સદસ્યતા અભિયાન દ્વારા પ્રદેશમાંથી ૫ લાખ યુવાનોને ભાજપામાં જોડવાના કાર્યક્રમ પ્રારંભ કરશે.

## કંપની સમાચાર

**ફિક્કી અને બીએસએ દ્વારા ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ અંગે જાગૃતિ લાવવા અને પાઈરસી સામે કાયદાનો અમલ મજબૂત બનાવવાના પ્રયાસને પ્રોત્સાહન માટે ઝુંબેશ**

ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી) અને બીએસએ, સોફ્ટવેર એલાયન્સે લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો (એસએમઈ) તથા અન્ય એકમોમાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સના ભંગના જોખમો તથા ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (આઈપી) સંબંધિત કાનૂની એજન્સીઓ અંગે માહિતી અને જાગૃતિ લાવવા માટે સમજૂતી પત્ર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે.

ફિક્સી અને બીએસએ વિવિધ રાજ્યોમાં ત્રણવર્ષ સુધી આ ઝુંબેશ ચલાવવા માટે ભાગીદારી કરશે જેમાં આઈપીના રક્ષણ માટે સાનુકૂળ માહોલ તૈયાર કરવા સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. તેના દ્વારા પાઈરસી ઘટાડવામાં મદદ મળશે. આ ભાગીદારીના પ્રથમ તબક્કામાં ગુજરાત અને રાજસ્થાનમાં આ કેમ્પેઈન શરૂ કરવામાં આવશે જેમાં પોલીસ અને કસ્ટમ્સ જેવી કાયદાનો અમલ કરતી એજન્સીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવશે. તેના દ્વારા આઈપી અધિકારના ભંગના કિસ્સામાં સરકારી તંત્રને મજબૂત બનાવવાના પ્રયાસ થશે. બીએસએ ગ્લોબલ સોફ્ટવેર પાઈરસી સ્ટડી ૨૦૧૧ મુજબ સોફ્ટવેરમાં પાઈરસીને કારણે ભારત સરકારને ૮૬.૬ કરોડ ડોલરનું નુકસાન થયું છે.

ફિક્કી ઉદ્યોગજગત માટે આ અંગે જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમોનું આયોજન કરશે.ખાસ કરીને લઘુ, અને મધ્યમ કદના ઉદ્યોગો (એમએસએમઈ) માટે કાર્યક્રમોનું આયોજન કરશે જેમાં પાઈરેટેડ સોફ્ટવેરનો ઉપયોગ કરવાથી શું જોખમ અને નુકસાન રહેલા છે તેનાથી તેમને વાકેફ કરાશે અને સોફ્ટવેર એસેટ મેનેજમેન્ટનું મહત્ત્વ સમજાવાશે.

આ ઝુંબેશના ભાગરૂપે ફિક્કી બીએસએ-ધ સોફ્ટવેર એલાયન્સ સાથે મળીને ૨૩ જુલાઈ, ૨૦૧૩ના રોજ હોટેલ પ્રાઈડ, જજીઝ બંગલો રોડ, ઓફ સી.જી. રોડ, અમદાવાદ, ગુજરાત ખાતે એક દિવસનો સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ ઓન આઈપીઆર ઈન સોફ્ટવેર ફોર એમએસએમઈ યોજવામાં આવ્યો હતો. ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સોફ્ટવેર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના સહયોગથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં આધાર નોંધણી એજન્સીની સંખ્યા ૩૫ થશે

## મુખ્યમંત્રી મોદીએ કાર્યપ્રગતિની સમીક્ષા કરી

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચકક્ષાની બેઠકમાં આધાર કાર્ડ (યુઆઈડી) આપવા માટેની કામગીરી વ્યાપક ફલક ઉપર મિશન મોડ અભિયાન તરીકે હાથ ધરવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારની વિવિધલક્ષી લાભાર્થી યોજનાઓના લક્ષિત નાગરિકોનો આધાર કાર્ડ ધારક તરીકે સ્ટેટ રેસીડેન્ટ ડેટા હબ રચવાનો નરિણય પણ લેવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે રાજ્યોમાં આધાર કાર્ડ (યુઆઈડી) આપવાની ઝુંબેશ હાથ ધરવા આપેલી દિશાનિર્દેશિકા સાથે સુસંગત રહીને ગુજરાતમાં આધાર કાર્ડ ધારકોને સરકારી સેવા અને સરકારી યોજનાના લાભો મહત્તમ અને સુઆઓયોજિત ધોરણે મળી રહે તે માટે મુખ્યમંત્રી મંડળની પેટા સમિતિને અહેવાલ તૈયાર કરવાની જવાબદારી સોંપી હતી. રાજ્યમંત્રી મંડળની પેટા સમિતિએ કરેલી ભલામણોને આવરી લઈને આધાર કાર્ડની નોંધણી અને કાર્ડ આપવાની પ્રક્રિયા ખૂબ જ ગતિશીલતાથી વ્યાપક ફલકમાં લઈ જવા માટે મુખ્યમંત્રીએ આ બેઠકમાં પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં મંત્રીઓ આનંદીબેન પટેલ, રમણભાઈ વોરા, ગણપતસિંહ વાસાવા, સૌરભભાઈ પટેલ, બાબુભાઈ બોખીરીયા, મુક્ય સચિવ ડો. વરેશ સિન્હા, અગ્ર સચિવ ડો. હસમુખ અઢિયા તથા સુશ્રી એસ. અર્પણાએ ભાગ લીધો હતો. ગુજરાત સરકારે આધાર કાર્ડ યોજના સાથે લાભાર્થી નાગરિકો અને વિશેષ કરીને ગરીબ જનસમુદાયોને સરકારી સેવા અને સરકારના કાર્યક્રમોના લાભો સરળતાથી અને મહત્તમ ધોરણે ઉપલબ્ધ કરવાની ટેકનોલોજીનો વિનિયોગ કરવાની પહેલ કરી છે. રાજયમાં હાલ ૭ આધાર એનરોલમેન્ટ નોંધણી એજન્સીઓ છે તે વધારીને ૩૫ સુધી લઈ જવાશે અને શાળા કોલેજો શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી બેંકીન સંસ્થાઓ, સહકારી ડેરીઓ, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ, ગ્રામ પંચાયતો, ઈ-ગ્રામ કેન્દ્રો, સહિતનું સંસ્થાગત વ્યવસ્થાપન કરવામાં આવશે.

અત્યાર સુધીમાં ગુજરાતમાં મે-૨૦૧૨ થી કુલ મળીને ૩૧૭૦ કેન્દ્રો ઉપર ૧.૫૮ કરોડ આધાર કાર્ડની નોંધણી અને ૧.૨૪ કરોડને ફાળવણી કરવામાં આવી છે. ગુજરાતના ચાર જિલ્લાઓ આણંદ, મહેસાણા, વડોદરા અને ભાવનગરમાં કેન્દ્ર પુરસ્કૃત ડાયરેક્ટ કેશ સબસીડી ટ્રાન્સફર (ડીબીટી) યોજના ૧, જુલાઈ, ૨૦૧૩ થી અમલમાં આવી ગઈ છે જેમાં રાજ્ય સરકારના વ્યક્તિગત લાભાર્થી કાર્યક્રમોની કુલ ૨૮ કલ્યાણલક્ષી યોજનાઓનો લાભાર્થીની યાદીનો ડેટા તૈયાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ આધાર કાર્ડ મેળવવાની સમગ્ર પ્રક્રિયા અને આદાર કાર્ડ ધારકોને મળવાપાત્ર સેવાઓ અને લાભોની જાણકારી માટે લોક જાગૃતિ ઝુંબેશ, મોબાઈલ એસએમએસ એમ.ગર્વનન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવા પણ સૂચવ્યું હતું.

## ગુજરાત મોખરે... ● પહેલા પાનાનું ચાલુ

બાદ બીજા ક્રમે સાત કરોડ ઈ-ટ્રાન્જેક્શનન્સની નોંધણી સાથે આંધ્રપ્રદેશ બીજા ક્રમે છે.

ગુજરાતમાં ઈ-ધરા, ઈ-ગ્રામ વિશ્વગ્રામ જેવી સેવાઓનો વ્યાપ છેલ્લા કેટલાક સમયથી ખુબ વધ્યો છે. રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સહયોગ અને સંકલનથી રાજ્યના અંતરિયાળ ગામડાઓમાં પણ નેટના ઉપયોગથી વિવિધ સેવાઓનો લાભ મળી રહ્યો છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પણ હવે ઈ-ટ્રાન્ઝેકશન્સ ઉપલબ્ધ બનવા લાગ્યું છે. e.taal જેવી ઉપયોગથી ગુજરાતના લોકોએ લેન્ડ રેકોર્ડ, યુટીલીટી સર્વિસ અને બીલ પેમેન્ટ, જાહેર વિતરણ વ્યવસ્થા, સ્વાસ્થ્ય, ટ્રાન્સપોર્ટ, મિલ્કત નોંધણી તથા સર્ટીફિકેટ જેવી સેવાઓનો લાભ મેળવ્યો છે તે સાબિત થયું છે. ગુજરાત મોડલ ફરી એકવાર સમગ્ર ભારતમાં એક ઈ સંચાલિત રાજ્ય તરીકે નંબર વન સાબિત થયું છે.

ટચૂકડી જાહેર ખબર

**પ્લોટ તથા ફ્લેટ વેચવાનો છે**

સેક્ટર-૨૮, ઘ-૬ કોર્નર ૨૩૫ વારનો પ્લોટ તથા સે-૪/ડીમાં ફ્લેટ વેચવા તથા ભાડે આપવાના છે.
સમય : ૯.૦૦ થી ૬.૦૦
-: સંપર્ક :-
૯૮૨૫૮૦૫૧૪૧

**ઓફિસ તથા દુકાન વેચાણ**

સેક્ટર-૧૧માં ૫૦૦ ફુટની ઓફિસ ફર્નીચર સાથે તથા ઘ-૬ કોર્નર ઉપર દુકાન ભાડે તથા વેચાણ
સમય : ૯.૦૦ થી ૬.૦૦
-: સંપર્ક :-
૯૮૨૫૮૦૫૧૪૧